# સુમુલની બારડોલી બેઠક માટે પ્રસિદ્ધ યાદીમાં નવા મતદારો બાકાત!

**કેટલાક** મતદારોએ મતદાર યાદી સામે પ્રાંત અધિકારી સમક્ષ લેખિતમાં વાંધા અરજી રજૂ કરી

બારડોલીઃ સુરત અને તાપી જિલ્લાની આર્થિક જીવાદોરી સમાન સુમુલ ડેરીની બારડોલી તાલુકાની ખાલી પડેલી બેઠક માટે પેટા ચૂંટણી જાહેર થઈ છે. પરંતુ સોમવારે મતદાર યાદી પ્રસિદ્ધ થતાં જ વિવાદનો મધપૂડો છંછેડાયો છે. આ મતદાર યાદી 2022ની જ મતદાર યાદી મૂકી દેવામાં આવી હોય નવાં મતદારોનાં નામ નહીં આવતાં કેટલાક મતદારોએ આ પ્રસિદ્ધ થયેલી મતદાર યાદી સામે વાંધા અરજી રજૂ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ-સુમુલ ડેરીની નિયામક મંડળની સામાન્ય ચૂંટણીમાં વિજેતા બનેલા અજિત પટેલે ડિરેક્ટર પદ ગુમાવતાં આ બેઠક 2022માં ખાલી પડી હતી. જે અંગે ચૂંટણી જાહેર ન થતાં કાનૂની જંગ શરૂ થયો હતો. બાદ આ ચૂંટણી યોજવા અંગે લેખિત રજૂઆત બાદ બારડોલી પ્રાંત અધિકારી જીજ્ઞા પરમાર દ્વારા બારડોલી બેઠકની પેટા ચૂંટણી જાહેર કરવામાં આવી હતી. સુમુલ ડેરીની બારડોલી બેઠક માટેની પેટા ચૂંટણી તા.5-3-2024 ને મંગળવારના રોજ યોજાનાર છે. જે માટે 12મી ફેબ્રુઆરી ને સોમવારના રોજ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ મતદાર યાદી જાહેર થતાંની સાથે જ વિવાદ સર્જાયો છે.

ગતરોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી મતદારી યાદી વર્ષ-2022 છે અને તેમાં નવા ઉમેરાયેલાં મતદારોનાં નામ ન હોવાનું જાણવા મળે છે. આ અંગે બે સભ્યોએ આ માટે પ્રાંત અધિકારી સમક્ષ લેખિતમાં વાંધો રજૂ કર્યો છે. લાંબા સમયથી ચૂંટણી યોજાઈ ન હતી અને હવે જ્યારે ચૂંટણી જાહેર કરવામાં આવી છે ત્યારે 2022ની મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવતાં રાજકીય માહોલ ફરી વખત ગરમાઈ ગયો છે. જો કે, હવે આ મામલે ચૂંટણી અધિકારી શું નિર્ણય લે છે એ જોવું રહ્યું.

### ઉમેદવારોનો આક્ષેપ: ઈરાદાપૂર્વક નામ કમી કરાયાં

સુમુલ ડેરીની બારડોલી બેઠક માટે જાહેર થયેલી ચૂંટણીમાં ઉમેદવારી ન કરી શકે તે માટે બે મતદાતાઓનાં નામ ઈરાદાપૂર્વક દાખલ કરવામાં આવ્યાં ન હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ગત ચૂંટણીમાં ઊભા રહેલા અજિતભાઈ પટેલ (ખરવાસા)નું નામ મતદાર તરીકે દાખલ કરવા માટે બામણી દૂધમંડળીએ ઠરાવ કરીને સુમુલ ડેરીને મોકલ્યું હતું. જ્યારે કરચકા મંડળીમાંથી અનિલભાઈ પટેલનું નામ મોકલવામાં આવ્યું હતું. બંનેનાં નામો મતદાર યાદીમાં નહીં આવતાં બંનેએ ચૂંટણી અધિકારી સમક્ષ વાંધો રજૂ કર્યો છે. એટલું જ નહીં સમગ્ર મામલે અજિત પટેલે હાઇકોર્ટનાં દ્વાર ખખડાવ્યાં હોવાની પણ માહિતી મળી રહી છે.

# શ્રીમદ્ રાજચંદ્ર મિશને આદિવાસી વિસ્તારમાં સામાજિક ઉત્તરદાયિત્વથી સેવાની જ્યોત જલાવી છે : રાષ્ટ્રપતિ

**રાષ્ટ્રપતિ** દ્રૌપદી મુર્મુએ સત્સંગ અને ધ્યાન સંકુલ 'રાજ સભાગૃહ'ને ખૂલ્લું મૂક્યું

વલસાડ : વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે શ્રીમદ્ રાજચંદ્ર મિશન દ્વારા નવનિર્મિત સત્સંગ અને ધ્યાન સંકુલ 'રાજ સભાગૃહ'ને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ખૂલ્લું મૂક્યું હતું. તેમણે કહ્યું કે, ગુરૂદેવ રાકેશભાઈના અથાગ પ્રયાસોથી શ્રીમદ્ રાજચંદ્ર મિશને અંતરિયાળ આદિવાસી ક્ષેત્રમાં ધર્મ સાથે સામાજિક ઉત્તરદાયિત્વથી સેવાની જ્યોત પ્રજ્વલિત કરી છે. વનબાંધવોની ભૂમિ ધરમપુરમાં આવેલું આ તીર્થ ધાર્મિક ચેતનાનું કેન્દ્ર બન્યું છે, એવી લાગણી વ્યક્ત કરતા રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી પણ શ્રીમદ્ રાજચંદ્રજીના વ્યાપક ધાર્મિક જ્ઞાન અને ચારિત્ર્યની શક્તિથી પ્રભાવિત હતા. રાષ્ટ્રપતિએ તમામ ૨૪ જૈન તીર્થંકરોએ માનવતાનો એવો માર્ગ બતાવ્યો છે કે, જેના દ્વારા વ્યક્તિ જન્મ અને મૃત્યુના બંધનમાંથી મુક્તિ મેળવે છે, કરુણા અને દયાની લાગણી જન્માવે છે અને માનવજાતિને જીવન જીવવાનો સાચો અર્થ સમજાવે છે. એટલે જ સમ્યક જ્ઞાન, સમ્યક વિશ્વાસ અને સમ્યક આચરણ એ જૈનીઝમનો સાર છે. આધ્યાત્મિકતાના માર્ગે ચાલીને આધુનિક વિકાસ સાધવો શક્ય છે,સત્ય, અહિંસા, તપ અને શીલ ભારતભૂમિના કણ કણમાં વસ્યા છે.

### આર્થિક વિકાસ માટે સ્કિલ ડેવલપ કરવા રાષ્ટ્રપતિનું આહ્વાન



દ્રૌપદી મુર્મુની અધ્યક્ષતામાં ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર મિશનના રાજ સભાગૃહમાં પીએમ-જનમન કાર્યક્રમ હેઠળ રાજ્યના આઠ જિલ્લામાંથી પધારેલા આદિમજૂથ સમુદાયના લાભાર્થીઓ તેમજ સ્થાનિક આદિવાસી સમુદાયોના પ્રતિનિધિઓ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ આર્થિક વિકાસ માટે સશક્ત બનવા માટે સ્કિલ ડેવલપ કરવા આહ્વાન કર્યું હતું. સ્કીલથી જ આત્મનિર્ભર બની શકાશે. આપણે એટલા સક્ષમ બનવું જોઈએ કે કોઈના પર નિર્ભર ન રહીએ. તેમણે સરકાર દ્વારા આદિમજૂથોના વિકાસ માટે પીએમ જન મન અભિયાન હેઠળ યોજનાકીય લાભો લેવા સૌને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે વલસાડ, નવસારી, ડાંગ, સુરત, તાપી, નર્મદા, અમદાવાદ અને ગીર સોમનાથ જિલ્લાના આદિમ જૂથના કોટવાળિયા/ કોલચા-કોલઘા, કાથોડી, પઢાર અને સીદી સમુદાયના કુલ ૨૨૦ લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.





# એકેડેમિક બેંક ઓફ ક્રેડિટના ઉત્કૃષ્ટ અમલીકરણમાં નર્મદ યુનિ. દેશમાં મોખરે

**નવી** દિલ્હીમાં રાષ્ટ્રીય કાર્યક્રમમાં યુનિ.ના વાઈસ ચાન્સેલર ચાવડાનું કેન્દ્રીય શિક્ષણમંત્રીના હસ્તે સન્માન કરાયું

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)ને એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC) સિસ્ટમના અમલીકરણમાં રાષ્ટ્રીય સ્તરે નેતૃત્વ કરનાર યુનિવર્સિટી તરીકેની સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ સન્માનિત કરવામાં આવી છે. આ પ્રતિષ્ઠિત સિદ્ધિની ઉજવણી આજે નવી દિલ્હીમાં ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા આયોજિત APAAR પરના રાષ્ટ્રીય કાર્યક્રમમાં કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સમગ્ર દેશની વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિઓ, કુલસચિવઓ, પરીક્ષા નિયામકો, ABCના નોડલ ઓફિસરો હાજર રહ્યા હતા.

ABC સિસ્ટમ અપનાવી અને તેનો અમલ કરવા અંગેના VNSGUના પ્રખર પ્રયાસોએ યુનિવર્સિટીને રાષ્ટ્રીય સ્તર પર ઓળખ ઉભી કરવાની સિદ્ધિ અપાવી છે. APAAR પર રાષ્ટ્રીય કાર્યક્રમ દરમિયાન, વાઈસ ચાન્સેલર ડો. કિશોરસિંહ ચાવડાને આજે ધર્મેન્દ્ર પ્રધાન (કેન્દ્રીય શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને સાહસિકતા )મંત્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. આ વિશિષ્ટ સન્માન શૈક્ષણિક નવીનતા અને શ્રેષ્ઠતા માટે VNSGUની અતૂટ પ્રતિબદ્ધતા રેખાંકિત કરે છે, VNSGU આ પરિવર્તનાત્મક પહેલમાં રાષ્ટ્રીય સ્તરે નેતૃત્વ કરનાર યુનિવર્સિટી બની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 29 જુલાઈ, ૨૦૨૧ના રોજ એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC)નો શુભારંભ કર્યો ત્યારથી વિદ્યાર્થીઓના હિત માટે ઉભી થયેલી તકને ઝડપી લીધી છે.

### એબીસી આઇડીમાં નોંધાયેલા વિદ્યાર્થીઓ

| યુનિવર્સિટીનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| વીએનએસજીયુ | 605418 |
| ઇગ્નુ | 495083 |
| દિલ્હી યુનિ. | 261248 |
| જ્યોતિબા ફુલે, યુનિ. | 202809 |
| જીટીયુ | 171732 |
| મૌલાના આઝાદ, વે. બંગાલ | 128191 |
| હૈદરાબાદ ઓપન યુનિ. | 103164 |
| SRM યુનિ. તમીલનાડુ | 102435 |
| મહારાષ્ટ્ર ઓપન યુનિ. | 88559 |
| પારૂલ યુનિવર્સિટી | 87390 |

### યુનિ.ના 2,61,024 વિદ્યાર્થીઓ ABC પર નોંધણી કરાવી ચૂક્યા છે

ABC પર વિદ્યાર્થીઓની 6,05,418 કુલ ક્રેડિટ સાથેની નોંધણીમાં VNSGU દેશમાં પ્રથમ સ્થાને છે. માત્ર ABC જ નહિ, નેશનલ એકેડેમિક ડિપોઝિટરી (NAD) પર કુલ એવોર્ડ અપલોડ કરવાની બાબતમાં 10,20,515 એવોર્ડ અપલોડ કરવામાં આવ્યા છે.

# દ.ગુજરાતના છ જિલ્લામાં ૧,૯૨૦ ખેડૂતોને સ્માર્ટ ફોન ખરીદવા ૧.૨૯ કરોડની સહાય

**સુરત,** નવસારી, વલસાડ, તાપી, ડાંગ અને ભરૂચ જિલ્લાના ૪૪ તાલુકાના ૨,૬૩૭ ખેડૂતે અરજી કરી હતી

સુરતઃ ગુજરાત સરકારે ખેડૂતોને ખેતીમાં સ્માર્ટ બનાવવા લાદેલી યોજનામાં દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી અને ભરૂચ સહિતના ૬ જિલ્લાના ૪૪ તાલુકાના પ્રગતિશીલ ૨,૬૩૭ જેટલા ખેડૂતોએ સ્માર્ટ ફોન માટે દાવેદારી કરી હતી, જેમાં ૨,૨૧૨ ખેડૂતની દાવેદારી માન્ય રાખવામાં આવી હતી. જે પૈકી ૬ જિલ્લામાં 1.29 કરોડની સહાય આપવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા ૨૦૨૩-૨૪ માટે ખેડૂતોને સ્માર્ટ ફોન ખરીદી માટે ખેડૂત દીઠ ૬,૦૦૦ આપવાની યોજના અમલી બનાવવામાં આવી હતી, જેમાં સ્માર્ટ ફોનની ખરીદીના ૪૦ ટકા અથવા તો વધુમાં વધુ રૂપિયા ૬,૦૦૦ એ બંનેમાંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર થાય છે.

ખેડૂતોએ સ્માર્ટ ફોન ખરીદી યોજનાનો લાભ મેળવવા ઓનલાઈન આઈ ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરી હતી, જેમાં સુરત જિલ્લાના ૬૩૧ ખેડૂતો, ભરૂચ જિલ્લાના ૭૦૭ ખેડૂતો, વલસાડ જિલ્લાના ૪૧૪ ખેડૂતો, નવસારી જિલ્લાના ૪૯૧ ખેડૂતો, ડાંગ જિલ્લાના ૬૦ ખેડૂતો અને તાપી જિલ્લાના ૩૩૪ ખેડૂતો મળી કુલ મિલાવીને ૨,૬૩૭ ખેડૂતોએ આઈ ખેડૂત પોર્ટલ ઉપર સ્માર્ટ ફોન ખરીદી માટે દસ્તાવેજ સાથે ઓનલાઈન અરજી કરી હતી. જે પૈકી સુરત જિલ્લાની ૬૧૭, ભરૂચ જિલ્લાની ૫૦૩, વલસાડ જિલ્લાની ૩૭૧, નવસારી જિલ્લાની ૪૫૫, ડાંગ જિલ્લાની ૬૦ અને તાપી જિલ્લાની ૨૦૬ અરજી સાથે કુલ મળીને ૨,૨૧૨ અરજી મંજૂર રાખવામાં આવી હતી. અને સરકાર દ્વારા ૧૨મી ફેબ્રુઆરી સુધી સુરત જિલ્લામાં ૪૪૭, ભરૂચ જિલ્લામાં ૫૦૩, વલસાડ જિલ્લામાં ૩૭૧, નવસારી જિલ્લામાં ૩૬૧, ડાંગ જિલ્લામાં ૩૨, અને તાપી જિલ્લામાં ૨૦૬ ખેડૂતોને સ્માર્ટ ફોન ખરીદવા માટેની સહાય ચૂકવવામાં આવી છે.

વધુમાં સુરત જિલ્લા ખેતીવાડી અધિકારી સતીષભાઈ ગામીત દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, તમામ જિલ્લામાં બાકી રહેલા ખેડૂતોને પણ તબક્કાવાર સ્માર્ટ ફોન ખરીદવા માટે સહાય ચૂકવવામાં આવનાર છે અને માર્ચ એન્ડિંગ સુધીમાં મંજૂર ખેડૂતોની અરજીઓની સહાય ચૂકવી દેવાશે.

### સ્માર્ટ ફોનની સહાય મેળવવામાં ભરૂચ જિલ્લો અગ્રેસર: બીજા ક્રમે સુરત જિલ્લો

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને સ્માર્ટ ફોનની સહાય આપવા અંગેની યોજનાના અમલીકરણમાં દક્ષિણ ગુજરાતના છ જિલ્લાના ૪૪ તાલુકા પૈકી ભરૂચ જિલ્લો અગ્રેસર છે અને ૫૦૩ ખેડૂતને ૩૦.૩૦ લાખ રૂપિયાની સહાય ચૂકવી દેવાઈ છે. જ્યારે બીજા ક્રમે સુરત જિલ્લો રહ્યો છે. સુરત જિલ્લામાં ૪૪૭ ખેડૂતોને ૨૬.૨૮ લાખની સહાય ચૂકવાઇ છે. અને ત્રીજા ક્રમે વલસાડ જિલ્લામાં ૨૧.૪૨ લાખની સહાય અને ચોથા ક્રમે નવસારી જિલ્લામાં ૨૧.૧૯ લાખની સહાય, પાંચમા ક્રમે ડાંગ જિલ્લામાં ૧૮.૦૮ લાખની સહાય તેમજ છઠ્ઠા ક્રમે તાપી જિલ્લામાં ૧૨.૧૯ લાખની સહાય સાથે દક્ષિણ ગુજરાતના છ જિલ્લામાં ૧ કરોડ ૨૯ લાખની કુલ સહાય ચૂકવી દેવામાં આવી છે.


## રાજયમાં 2.49 લાખ બેરોજગારો!

ગાંધીનગરઃ રાજયમાં હાલમાં 2.38 લાખ નોંધાયેલા શિક્ષિત બેરોજગારો છે. જયારે અર્ધ શિક્ષિત બેરોજગારોની સંખ્યા 10,757 જેટલી છે. છેલ્લા બે વર્ષમાં રાજય સરકાર દ્વારા 32 શિક્ષિત બેરોજગારોને નોકરી આપવામાં આવી છે. કોંગ્રેસના સભ્યો દ્વારા સરકારની ટીકા કરવામાં આવી છે કે છેલ્લા બે વર્ષમાં સરકાર માત્ર 32 બેકાર યુવાનોને નોકરી આપી શકાઈ છે. હકીકતમાં સરકાર શિક્ષિત બેરોજગારોને સરકારી નોકરી આપવામાં નિશ્ફળ નીવડી છે.

ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારોની માહિતી અંગે પૂછાયેલા જુદા જુદા પ્રશ્નના જવાબની સંકલિત માહિતી આપતા કોંગ્રેસના સભ્યોએ કહ્યું હતું કે નર્મદા જિલ્લામાં 4477, નવસારીમાં 3174, વલસાડમાં 7434, ભરૂચમાં 4286, તાપીમાં 5133 અને ડાંગમાં 2836 શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે. રાજયમાં એકંદરે શિક્ષિત તથા અર્ધ શિક્ષિત સહિત 2.49 લાખ બેરોજગારો નોંધાયેલા છે.

# પ્લાસ્ટિક સળગાવતા બે બાળકોને વીજ કરંટ લાગવાના કેસમાં 7 વર્ષના બાળકનું મૃત્યુ

**સળગતું** પ્લાસ્ટિક ઉડીને વીજ વાયરને ટચ થયું અને ત્યાંથી પસાર થતો વીજ કરંટ બંને બાળકોને લાગતા દાઝયા હતા



સુરત, પલસાણાઃ પલસાણામાં માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પલસાણામાં 7 વર્ષ અને 12 વર્ષના બંને બાળકો પ્લાસ્ટિક સળગાવી રહ્યા હતા. ત્યારે તે પ્લાસ્ટિક ઉડીને વીજ વાયરને ટચ થયું હતું. જેથી વાયરમાંથી પસાર થતો વીજ કરંટ બંને બાળકોને લાગ્યો હતો. તેથી બંને ગંભીર રીતે દાઝી ગયા હતા. બંનેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન 7 વર્ષના બાળકનું મોત નિપજ્યું હતું.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ બિહારના વતની વિનોદભાઈ સાંબલી હાલ પલસાણા ચોકડી પાસે આવેલ પ્રવેશ પાર્કમાં ટેક્સટાઈલ મીલમાં નોકરી કરીને પરિવાર સાથે ત્યાં જ રહે છે. વિનોદભાઈના સંતાન પૈકી અંકુશ (7 વર્ષ) તેના સંબધીનાં છોકરા ક્રિષ્ના (12 વર્ષ) સાથે રમી રહ્યો હતો. ત્યારે અંકુશ અને ક્રિષ્ના માચીસથી પ્લાસ્ટિક સળગાવી રહ્યા હતા.

દરમિયાન તે પ્લાસ્ટિક ઉડીને ત્યાંથી પસાર થતા વીજ વાયરને અડી ગયું હતું. જેથી અંકુશ અને ક્રિષ્નાને વીજ કરંટ લાગ્યો હતો. તેથી બંને ગંભીર રીતે દાઝી ગયા હતા. બાળકોની બૂમાબૂમ સાંભળીને લોકો દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મંગળવારે સવારે અંકુશનું મોત નિપજ્યું હતું.

## રાજ્યમાં 48 કલાક પછી ઠંડીમાં 2થી 3 ડિગ્રી રાહત મળશે

ગાંધીનગરઃ રાજ્યમાં 48 કલાક પછી કાતિલ ઠંડીથી રાહત મળશે. 48 કલાક સુધી કાતિલ ઠંડી રહેશે. મંગળવારે રાજ્યમાં બેથી ત્રણ ડિગ્રી જેટલી ઠંડીમાં રાહત મળી હતી. મોડી રાત્રે તથા વહેલી સવારે તીવ્ર ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

અમદાવાદના એરપોર્ટ કેમ્પસમાં આવેલા હવામાન વિભાગનાં સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે, રાજ્યનાં અન્ય શહેરો પૈકી અમદાવાદમાં 16 ડિ.સે., ડીસામાં 14 ડિ.સે., ગાંધીનગરમાં 16 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 17 ડિ.સે., વડોદરામાં 16 ડિ.સે., સુરતમાં 19 ડિ.સે., ભૂજમાં 15 ડિ.સે., નલિયામાં 11 ડિ.સે., કંડલા પોર્ટ 17., કંડલા એરપોર્ટ પર 15 ડિ.સે., અમરેલીમાં 13 ડિ.સે., ભાવનગરમાં 18 ડિ.સે., રાજકોટમાં 14 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 16 ડિ.સે., અને કેશોદમાં 15 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

# ભરૂચ લોકસભા બેઠક પર AAPના ચૈતર વસાવા અને ભાવનગરમાં ઉમેશ મકવાણાનું નામ જાહેર

**ગુજરાતમાંથી** બે નામો જાહેર થવાથી મહાગઠબંધનમાં ભડકો થવાનાં એંધાણ



ભરૂચઃ લોકસભાની ચૂંટણી થોડા દિવસમાં આવી રહી છે. ત્યારે હજુ કોંગ્રેસ અને AAP ગઠબંધનના ગડમથલમાં છે. AAPએ મંગળવારે ગુજરાતમાં ભરૂચ સહિત ભાવનગરની બેઠકના ઉમેદવાર જાહેર કરી દીધાં છે. ભરૂચ લોકસભામાં ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા બાદ ભાવનગર બેઠક માટે બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણાનું નામ જાહેર કરી દીધું છે. ગુજરાતમાંથી બે નામો જાહેર થવાથી મહાગઠબંધનમાં ભડકો થવાના સંજોગો દેખાઈ રહ્યા છે.

મંગળવારે AAPના સાંસદ સંદીપ પાઠકે સ્ટેટમેન્ટ આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં મહાગઠબંધનમાં અમારી પાસે ૮ બેઠક છે. અમને લાગે છે કે કોંગ્રેસ આ બેઠક પર અમને ટેકો આપશે. તેમણે એક મહિનામાં આ મહાગઠબંધનમાં એકપણ બેઠક ન આપવાથી ભારોભાર નારાજગી વ્યક્ત કરી હતી. અમે બે વખત કોંગ્રેસ સાથે મુલાકાત કરી છે. પણ દુર્ભાગ્યવશ એક મહિનામાં એકપણ બેઠક થઈ નથી. પહેલા ન્યાયયાત્રાનું કારણ આગળ ધરતા હતા. હવે આ બેઠક ક્યારે થશે તેની કોંગ્રેસ તરફથી કોઈ પ્રતિક્રિયા અપાતી નથી.

# ટેન્ડરોની વિચિત્ર શરતોને કારણે દક્ષિણ ગુજરાતના નારગોલ બંદરનો વિકાસ થતો નથી

**વિધાનસભાની** જાહેર સાહસોની સમિતિએ રિપોર્ટ રજુ કર્યો

ગાંધીનગરઃ દક્ષિણ ગુજરાતના નારગોલ બંદરને વિકસાવવા માટે આજે ગુજરાત વિધાનસભામાં જાહેર સાહસો માટેની સમિતિએ પોતાનો આખરી રિપોર્ટ રજુ કરી દીધો છે. આ રિપોર્ટમાં જણાવ્યા અનુસાર નારગોલ બંદરનો વિકાસ પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપથી કરવાનો હતો. બે વખત ટેન્ડર પ્રક્રિયા હાથ ધર્યા પછી ફેબ્રુ., 2022 સુધીમાં કોઈ રોકાણકારે રસ દાખવ્યો નહતો. આઈઆઈટી મદ્રાસ દ્વારા 4500 થી 5000 કરોડના રોકાણની તકો હોવા અંગે પ્રી-ફીઝિબિલિટી રિપોર્ટ તૈયાર કરાયો હતો. જો કે આ બંદરના રોકાણ માટે ટેન્ડરોની શરતો પૈકી , પર્યાવરણની વિકાસ પરવાનગીની સાથે લાસ્ટ માઈલ રેલવે કનેકટિવિટી આપવાની રહેશે, તેવી શરતના કારણે રોકાણકારોએ રસ દાખવ્યો નહતો . જેના પગલે સમિતિની ભલામણના પગલે ગુજરાત મેરિટાઈમ બોર્ડ દ્વારા એક આંતરિક કમિટીની રચના કરવામાં આવી છે. જે હવે ટેન્ડરની શરતો અંગે પોતાનો રિપોર્ટ તૈયાર કરીને સરકારને સુપ્રત કરવાની તૈયારીમાં છે. જેના પગલે ટેન્ડરની શરતોમાં ફેરફાર સૂચવાશે. જાહેર સાહસોની સમિતિના પ્રમુખ ગણપતસિંહ વસાવાએ પોતાના રિપોર્ટમાં એવી ભલામણ કરી છે કે લાસ્ટ માઈલ રેલવે કનેકટિવિટી આપવાની જવાબદારી સરકારે લેવી જોઈએ.

# સ્મીમેર અને જીટી.યુ દ્વારા સંયુક્તપણે બાયોમેડિકલ સંશોધન માટે કરાર કરાયો

**સામાજિક** સ્વાસ્થ્ય અને આરોગ્ય સેવાના ક્ષેત્રમાં ઉપસ્થિત થતાં પ્રશ્નોનું સમાધાન શોધવું એ આ કરારનું મુખ્ય લક્ષ: જીટીયુના કુલસચિવ રજીસ્ટ્રાર ડો. કે.એન. ખેરે

અમદાવાદઃ બાયોમેડિકલમાં ઊંડા સંશોધન અને પ્રગતિ માટે ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી અને સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (SMIMER) વચ્ચે તાજેતરમાં એક 'મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ' પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. બે પ્રતિષ્ઠિત સંસ્થાઓ વચ્ચે સાધવામાં આવેલ આ સહયોગનો મુખ્ય ઉદ્દેશ બાયોમેડિકલ સંશોધનને મજબૂત કરવાનો, બાયોમેડિકલ ક્ષેત્રના વિકાસમાં યોગદાન આપવાનો છે.

આ પ્રસંગે ઉપસ્થિત જી.ટી.યુ.ના કુલસચિવ રજીસ્ટ્રાર ડો. કે.એન.ખેરે જણાવ્યું હતું કે, 'આ ભાગીદારી બંને સંસ્થાઓ માટે મહત્ત્વની ક્ષણ છે. જી.ટી.યુ.અને એસ.એમ.આઇ.એમ.ઈ.આર.ની કુશળતા અને સંસાધનોને સુયોજિત ભાગીદારીથી ઉપયોગ કરીને સામાજિક સ્વાસ્થ્ય અને આરોગ્ય સેવાના ક્ષેત્રમાં ઉપસ્થિત થતાં પ્રશ્નોનું સમાધાન શોધવું એ આ કરારનું મુખ્ય લક્ષ રહેશે.

એસ.એમ.આઈ.એમ.ઈ.આર.ના ડીન ડો. દીપક હોવલેએ, આરોગ્ય સંભાળ અને વૈજ્ઞાનિક પ્રગતિ પર પડનારી સંભવિત અસર પર ભાર મૂકતા કહ્યું હતું કે, 'શૈક્ષણિક સંસ્થાઓ અને સંશોધન કેન્દ્રો વચ્ચેની ભાગીદારી પ્રગતિ માટે જરૂરી છે. આ એમ.ઓ.યુ.થી સંયુક્ત સંશોધન, કાર્યક્રમો, તજજ્ઞો અને જ્ઞાનના આદાન-પ્રદાનનો માર્ગ મોકળો થશે, જે ફક્ત અમારી સંસ્થાઓને જ નહીં, પરંતુ વ્યાપક વૈજ્ઞાનિક સમુદાયને પણ લાભ કરશે.'

આ સકારાત્મક ભાગીદારીથી બાયોમેડિકલ સંશોધનને સરળ બનાવવામાં, અદ્યતન તકનીકોના વિકાસને પ્રોત્સાહન આપવામાં અને વિદ્યાર્થીઓ તથા સંશોધકો માટે આ એમ.ઓ.યુ.એક સુંદર પ્લેટફોર્મ બનશે એવી અપેક્ષા શૈક્ષણિક અને વૈજ્ઞાનિક વર્તુળોમાં સેવાઈ રહી છે. બંને સંસ્થાઓને એવો પણ વિશ્વાસ છે કે આ સહયોગ બાયો મેડિકલ રિસર્ચના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપશે.

## 85.24 લાખના હીરાની છેતરપિંડીના કેસમાં વેપારીની જામીન અરજી નામંજૂર

સુરતઃ 85.24 લાખના હીરાની છેતરપિંડીના કેસમાં કોર્ટે વેપારીની જામીન અરજી નામંજૂર કરી છે. ફરિયાદી નયન પ્રેમજી સોનાણી અને આરોપી વિકાસ દેવરાજ તેજાણી છે. આરોપીએ ફરિયાદીને વિશ્વાસ અપાવ્યો હતો કે જો તેમના ઓળખીતા વેપારીઓના હીરા તેમને વેચાણ માટે આપે તો તમારૂં પેમેન્ટ સમયસર મળી જશે. જેથી ફરિયાદીએ આરોપી પર વિશ્વાસ કરીને તેને હીરા અને ઉછીના રૂપિયા આપ્યા હતા. હીરા અને ઉછીના રૂપિયા મળીને કુલ 37.38 રૂપિયા આરોપીએ ફરિયાદીને આપ્યા નહતા. ઉપરાંત અન્ય એક વેપારી કેવિન ભુંગળીયાનાઓને પણ 47.86 લાખના હીરા મળીને કુલ 85.24 લાખ રૂપિયા ફરિયાદી અને કેવિનને ચૂકવ્યા નહતા. મહીધરપુરા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને આરોપીની ધરપકડ કરી હતી. આરોપીએ જામીન મુક્ત થવા એડવોકેટ મારફત કોર્ટમાં અરજી કરી હતી. સરકાર તરફે એડવોકેટ એપીપી તેજસ એ.પંચોલીએ જામીન અરજીનો વિરોધ કર્યો હતો. કોર્ટે વિકાસ તેજાણીની જામીન અરજી નામંજૂર કરી હતી.

## અનુસંધાન... પાના છેલ્લાનું

અનુસંધાન... પાના છેલ્લાનું

### મૂળ સુરતના...

ઉછરેલા અને ભણેલા સિદ્ધાર્થે સુરતની સેંટ ઝેવિયર્સમાં સ્કૂલનું અને સાર્વજનિક (SCET) કોલેજમા આર્કિટેકચરનો અભ્યાસ કર્યો. તે પછી ઓસ્ટ્રેલિયાના સિડનીની યુની.માં ઇલ્યુમિનેશાન ડિઝાઇનિંગમાં માસ્ટર્સ ડીગ્રી મેળવી હતી. સિદ્ધાર્થે વિશ્વમાં દુબઈ એટલાન્ટિસ રિસોર્ટ, ઓબેરોય હોટલ, બેંગ્લુરૂમાં હોટલ ફોર સિઝન્સ, દુબઈનો મોલ રબિલ, દુબઈ મોલમાં એડ્રેસ હોટલ તેમજ સાઉથ આફ્રિકાના જહોનિસબર્ગ ખાતેનો સિલ્વર સ્ટાર કેસિનો જેવા ખ્યાતનામ પ્રોજેક્ટ કર્યા છે. આગામી દિવસોમાં તાન્ઝાનિયાના દારેસલામમાં બની રહેલા બીએપીએસના મંદિરનું કામ પણ સિદ્ધાર્થ માથુર જ કરી રહ્યા છે.

### મારા માટે...

જેથી કન્સ્ટ્રકશન મોટી ચેલેન્જ હતી. જે સુપેરે પાર પાડી શક્યા છે. સ્ટોન પથ્થરમાં કોતરણી દ્વારા મંદિર બનાવવાનો આ અલગ જ અનુભવ રહ્યો.

### કોઈપણ કોમ...

ઓફ ગ્લોબલ હાર્મની તરીકે ઓળખાવાયું છે. આ ઘાટ પર કોઈપણ વ્યક્તિ હિન્દુ હોય કે નહીં હોય, ધાર્મિક હોય કે નહીં હોય પણ તે ત્યાં બેસીને માનસિક શાંતિ લઈ શકશે. સંધ્યા સમયે મંદિરને નિહાળી શકશે. આરતીનો લાભ લઈ શકશે.

### મંદિરના પ્રાંગણમાં...

જમીનની 8 મીટર અંદરથી આ થડ મળી આવ્યા હતા. તે સમયે એવી ઈચ્છા વ્યક્ત કરાઈ હતી કે તેને સારા સ્થળે મુકવામાં આવે. જેને કારણે વૈશ્વિક સમાગમના ભાગરૂપે આ મંદિરમાં આ થડ મુકવામાં આવ્યા છે. આ થડને ચેક રિપબ્લિકમાંથી કાઢીને મંદિરમાં મુકી એક્ટિવેટ કરનાર વ્યક્તિ થોમસ રોક્સિન છે. તેમણે જ આ માહિતી આપી હતી.

### 58 વર્ષે...

છે. અલબત્ત આ બંને અવસર પ્રેમના માનવામાં આવે છે. કારણકે વસંત પંચમી એ વણજોયું મુહૂર્ત છે અને આ દિવસને હિન્દુ ધર્માનુસાર પ્રેમી યુગલો પ્રભુતામાં પગલાં પાડવા માટે શ્રેષ્ઠ ગણે છે. વેલેન્ટાઈન ડેનું જ્યારે ખાસ ચલણ ન હતું ત્યારે મોટાભાના પ્રેમી યુગલો વસંત પંચમીએ લગ્ન કરવાના કોડ સેવતાં હતાં. હવે ક્રમશઃ વેલેન્ટાઈન ડેનું ચલણ પણ વધ્યું છે અને આ વર્ષે બંને પર્વ એક જ દિવસે આવી રહ્યાં છે ત્યારે આવતીકાલે હજારો પ્રેમી યુગલો પ્રભુતામાં પગલાં પાડશે, એટલે કે હજારો લગ્નપ્રસંગોનું આયોજન આવતીકાલના દિવસે કરાયું છે.

તો બીજી તરફ લગ્ન પૂર્વેનું પ્રેમનું બંધન બાંધવા માટે પણ આવતીકાલનો દિવસ વિશેષ છે. ખ્રિસ્તી પરંપરા અનુસાર આ દિવસે યુવક કે યુવતી, પોતાના પ્રીતિપાત્ર વ્યક્તિ સમક્ષ પ્રેમની અભિવ્યક્તિ કરે છે. જેમને માટે પ્રેમ હોય તે વ્યક્તિને ગુલાબ, ચોકલેટ કે કોઈ ગિફ્ટ આપી પોતાના પ્રેમની કબૂલાત કરે છે. જીવનભર સાથે રહેવા માટેના કોલ આપે છે અને કોલ માંગે છે. આમ વેલેન્ટાઈન ડેની ઉજવણી માટે પણ યુવાધનમાં થનગનાટ જોવા મળી રહ્યો છે.

હિન્દુ ધર્મમાં વસંત પંચમીનું વિશેષ મહત્વ છે. હિંદુ કેલેન્ડર મુજબ, વસંત પંચમીનો તહેવાર દરેક માઘ મહિનાના શુક્લ પક્ષની પાંચમી તિથિએ ઉજવવામાં આવે છે. આ વખતે વસંત પંચમી 13 ફેબ્રુઆરીના રોજ બપોરે 02:41 વાગ્યે શરૂ થશે, જે 14 ફેબ્રુઆરીએ બપોરે 12:09 વાગ્યે સમાપ્ત થશે. વસંત પંચમીને માતા સરસ્વતીના પ્રાગટ્ય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ સાથે તમામ ઋતુઓમાં શ્રેષ્ઠ વસંતઋતુ પણ શરૂ થાય છે. વસંત પંચમીનો દિવસ ખૂબ જ શુભ માનવામાં આવે છે. જ્યોતિષીઓ મુજબ વસંત પંચમી વણજોયા મુહૂર્તનો દિવસ છે. એટલે કે સમગ્ર દિવસ દરમિયાન કોઈપણ સમયે કોઈપણ શુભકાર્યો કરી શકાય છે. આ વર્ષની વસંત પંચમી ખૂબ જ ખાસ છે, કારણ કે આ દિવસે અનેક શુભ યોગો સર્જાઈ રહ્યા છે.

### આજે વસંત...

કપડું ફેલાવીને માતા સરસ્વતીની મૂર્તિ અથવા ચિત્ર સ્થાપિત કરો. આ પછી માતા સરસ્વતીને પીળા કે સફેદ ફૂલ, માળા, રોલી, હળદર, કેસર, અક્ષત, પીળા રંગની મીઠાઈઓ વગેરે અર્પિત કરવાથી શુભ ફળ મેળવી શકાશે તેવું જ્યોતિષીઓનું કહેવું છે.

### આજે 'વેલેન્ટાઈન ડે...

જ્વેલરી ગિફ્ટ આપવામાં આવશે. પુરૂષ પાર્ટનરને ચશ્મા અને ઘડિયાળ સરપ્રાઈઝ તરીકે આપવામાં આવશે. યુરોપની જેમ ભારતમાં હવે ટેડી બેર આપવાનું ચલણ રહ્યું નથી.

### ધનાઢ્યોમાં સાચા ફૂલને બદલે ગોલ્ડ પ્લેટેડ રોઝ બૂકે ગિફ્ટ કરવાનું ચલણ વધ્યું

સુરતમાં આ વખતે વેલેન્ટાઈન ડેને લઈને યુવાઓ ખૂબ જ ઉત્સાહિત જોવા મળી રહ્યા છે. સાધન સંપન્ન લોકો હવે પોતાની પ્રિય વ્યક્તિને સાચા ફૂલનું નહીં, પરંતુ આકર્ષક અને એક્સપેન્સિવ ગોલ્ડ પ્લેટેડ રોઝનું બૂકે આપી રહ્યા છે. સુરતના જ્વેલર્સે હાર્ટ શેપ ગોલ્ડ પ્લેટેડ રોઝનું ખાસ બૂકે તૈયાર કર્યું છે, જેની કિંમત હજારો રૂપિયામાં છે. 108 ગોલ્ડ પ્લેટેડ રોઝનું એક ખાસ હાર્ટ શેપનું બુકે આપવાનું ચલણ વધી રહ્યું છે.

### 'લેબગ્રોન'ને હીરા...

કૃતિ ગણવામાં આવશે. WFDB, વિશ્વભરમાં 27 મુખ્ય હીરાબજારોની છત્ર સંસ્થા છે, કુદરતી હીરા ઉધોગના વિકાસને ટેકો આપવા માટે વર્લ્ડ ફેડરેશન ઑફ ડાયમંડ બુર્સ 1947થી કાર્યરત છે.

WFDBએ કુદરતી હીરા ઉધોગના વિકાસને ટેકો આપવા માટે નેચરલ ડાયમંડ કાઉન્સિલ સાથે પણ ભાગીદારી કરી છે. તેમના માર્કેટિંગ અભિયાનની ડી- બીયર્સએ પણ પ્રશંસા કરી છે. ટૂંકમાં ફ્રાન્સમાં આવા હીરા માટે સત્તાવાર શબ્દ "સિન્થેટીક" હશે, જેમ કે "લેબ-ગ્રોન" અથવા "કલ્ટિવેટેડ" જેવા અગાઉ વપરાતા શબ્દોનો ઉપયોગ વેપારમાં કરવા દેવામાં આવશે નહીં. ફ્રાન્સની સરકાર દ્વારા બિન-કુદરતી હીરા માટે "સિન્થેટિક" શબ્દનો ઉપયોગ ફરજિયાત કરવાના નિર્ણયનો હેતુ બજારમાં સ્પષ્ટતા ઊભી કરવાનો છે. આ પગલું કુદરતી રચના સિવાયની પ્રક્રિયાઓ દ્વારા ઉત્પાદિત હીરા માટે પ્રમાણભૂત નામકરણ પૂરું પાડે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતથી લેબગ્રોન ડાયમંડની નિકાસ વધી રહી છે. 2022-23માં એક્સપોર્ટ આશરે $1.5 બિલિયન હોવાનો અંદાજ છે.

### માંગરોળના વાંકલમાં...

ત્યારે વનવિભાગ આ આતંક ફેલાવતા કપિરાજને પાંજરે પૂરી સુરક્ષિત જંગલમાં છોડે એવી પ્રજાજનોની માંગ છે.